# અરવલ્લી જિલ્લામાં સૂર્યદેવની પ્રચંડ ગરમીના કારણે ભારે હાલાકી

બાયડ, તા. ૧૪

સમગ્ર રાજ્યમાં અને અરવલ્લી જિલ્લામાં આકરી ગરમીનો આંતક ફેલાયો છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા ચાર-પાંચ દિવસથી ૪૫ ડિ.સે. તાપમાન હોવાના કારણે અરવલ્લી જિલ્લાના મોડાસા, ધનસુરા, માલપુર, મેઘરજ, બાયડ જેવા અન્યો ગામોમાં ગરમીનું પ્રમાણ વધતુ જાય છે.

સવારના ૬ વાગ્યાના સુમારથી સાંજના ૭.૩૦ કલાક સુધી લૂ લાગતી હોય છે. એના કારણે પ્રજાજનોને બજારમાં કામ હોવા છતાં તે ઘરે રહીને આરામ કરવાનું વિચારે છે. તંત્ર દ્વારા લૂ ન લાગે તે માટે પ્રજાજનોને વારંવાર સૂચનાઓ પણ આપવામાં આવે છે. ગરમીના કારણે બજારમાં બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી દુકાનદારો દુકાનનું



શટલ પાળી આરામ કરતાં જોવા મળે છે. ગરમીના કારણે ઈલેક્ટ્રોનિક્સ દુકાનદારોને ત્યાં એસી અને કુલર વોટર લેવા માટે અનેક પ્રજાજનો ઉમટી પડ્યા છે. પ્રચંડ ગરમીના કારણે બજારમાં ઠંડા પીણા, લીંબુ સિકન્જીની લારીઓ વાળાના ત્યાં પ્રજાજનો ઉમટી પડ્યા છે. લૂ ના લાગે તેના માટે વધારે પાણી પીવું, નાના છોકરાને ગરમીથી બચવા માટે પાતળા સુતરાઉ કપડાના ઝભલા પહેરાવા હિતાવહ છે. ભર ગરમીમાં પ્રજાજનો લીંબુ સરબત અને શેરડીનો રસ પીવાની મજા માળતા બજારમાં જોવા મળે છે.

## ચાંપલપુરમાં પૈસાની લેવડ-દેવડ બાબતે માર મરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્માની ચાંપલપુર વસાહતમાં રહેતી મહિલાને પૈસાની લેવડ-દેવડના મામલે ગુરૂવારે એક યુવકે ગડદાપાટુનો માર ઈજા પહોંચાડતા મામલો ગરમાયો હતો.

ખેડબ્રહ્માના ચાંપલપુર વસાહતમાં રહેતા ગીતાબેન કનૈયાભાઈ જાદવ (તૂરી)ના ભાઈ હસમુખભાઈ બિમાર હોઈ મહિના પહેલા ગીતાબેનના ભત્રીજા અતુલકુમાર મોહનભાઈ તૂરીએ તેમને પૈસા આપેલ હતા. જેની અતુલભાઈ ગુરૂવાર બપોરે ઉઘરાણી આવેલ અને ગાળો બોલતા હતા ત્યારે ગીતાબેને તેમને ગાળો ન બોલવા જણાવેલ અને કહેલ કે તારા પૈસા તને તે આપી દેશે તેમ કહેતા અતુલભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ મા-બેન સામે બિભત્સ ગાળો બોલવા લાગી, શરીરે ગડદાપાટુનો માર મારી મોંઢા પર મુક્કા મારી ઈજાઓ પહોંચાડી હતી. જે અંગે ગીતાબેને અતુલભાઈ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

## ખેડબ્રહ્માના ચાડા પાસે કાર પલ્ટી મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ચાડા ગામ પાસે ગુરૂવારના રોજ અંબાજી તરફથી આવતી કાર પલ્ટી મારી જતા એકનું મોત નિપજયુ હતું. વેરાવળ, જી.જૂનાગઢના વતની માયરા રાજુભાઈ નારાયણભાઈ પોતાની ગાડી લઈ અંબાજી, આબુ તરફથી પરત આવતા હતા ત્યારે ચાડા નજીક ગાડી નં. જીજે.૧૨.એઆર. ૨૩૨ પલ્ટી મારી જતા ગાડીમાં આગળ બેઠેલ તેમની પુત્રી રૂસીબેન (ઉ.વ. આ.૧૨) ને માથાના ભાગે ઈજાઓ પહોંચતા તેનું મોત નિપજયુ હતું. જે અંગે રાજુભાઈએ ફરિયાદ આપતા ખેડબ્રહ્મા પોલીસે ગફલતભરી રીતે બેદરકારીથી ગાડી હંકારી રૂસીબેનનું મોત નિપજાવવા અંગે રાજુભાઈ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા ત્રણ મામલતદારોની બદલી

હિંમતનગર, તા. ૧૪

રાજય સરકારના મહેસુલ વિભાગમાં ફરજ બજાવતા મામલતદાર સંવર્ગના ૮૩ અધિકારીઓની વહીવટીય કારણોસર શુક્રવારે બદલી કરવામાં આવી છે. જેમાં સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા ત્રણ મામલતદારોની નિયુકતીના આદેશ કરવામાં આવ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા મામલતદાર તરીકે ફરજ બજાવતા વી.બી.મકવાણાની મામલતદાર ગારીયધાર, જી. ભાવનગર ખાતે બદલી કરવામાંઆવી છે. જયારે તલોદ મામલતદાર તરીકે ફરજ બજાવતા શ્રીમતી એન. બી. રાજપુતની મામલતદાર ડીઝાસ્ટર જામનગર ખાતે બદલી કરાઈ છે. ઉપરાંત ઈડર મામલતદાર તરીકે એસ. એન. કટારાની નિમણુંક કરવામાં આવી છે.

# શામળપુર નજીક વહેલી પરોઢે લકઝરી બસ ઝાડ સાથે અથડાતા અકસ્માત : બે ના મોત

### ગાઢ નિંદ્રામાં સુતેલા મુસાફરો લકઝરી બસ પલટી જતા ચીસાચીસ કરી મુકી : ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર શામળાજી નજીક આવેલા શામળપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી પુરપાટ ઝડપે આવતી લકઝરી બસના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં રોડ સાઈડમાં રહેલા ઝાડ સાથે લકઝરી બસ અથડાઈ પલટી ખાઈ જતા લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા બે રાજસ્થાની યુવકોના ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજયું હતુ જ્યારે અન્ય ૭ મુસાફરોના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. શામળાજી પોલીસે લકઝરી બસના ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા શામળપુર ગામની સીમમાં લકઝરી બસ શનિવારે વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે પલટી ખાઈ જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. શનિવારે સવારે રાજસ્થાન તરફથી અમદાવાદ જતી લકઝરી બસ (ગાડી નં. આર.જે.૦૬.પીએ.૬૫૯૫)ના ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા શામળપુર ગામની સીમમાં રોડ સાઈડ પર રહેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાતા લકઝરી બસનો ભુક્કો બોલાઈ ગયો હતો. લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા અવીનાશ સુનિલકુમાર ઉર્ફે સૌરભ માણેકચંદ છાજેડ (જૈન) ઉ.વ. ૨૫ રહે. ચીત્તોડગઢ, મહાવીર કોલોની, રાજસ્થાન તેમજ રઘુવિરસીંહ સંભુસીંહ ચૌહાણ ઉ.વ. ૩૨, રહે. જોલીયાડા ખેડા, તા. ગંગરાર, રાજસ્થાન)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. લકઝરી બસમાં મુસાફરી કરતા અન્ય ૭ મુસાફરોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકો અને શામળાજી પોલીસે તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે ગાઢ નિંદ્રામાં સુતેલા મુસાફરો લકઝરી બસ ઝાડ સાથે અથડાતા સફાળા જાગી ગયા હતા અને ચીસાચીસ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. શામળાજી પોલીસે જ્યોતીબેન સુનિલભાઈ ઠાજેડ (જૈન)ની ફરિયાદના આધારે લકઝરી બસના ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતના પગલે લકઝરી બસનો ચાલક લકઝરી બસ ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયો હતો.

# તલોદમાં કાતિલ હિટવેવ યથાવત

તલોદ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ પંથકમાં આક્રમક બનેલ સૂર્યનારાયણની ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી જતા જનજીવન અને પશુધન તથા પક્ષીઓના રાબેતા મુજબના જીવનને અસર પહોંચી હતી. ભારે આકરા ફૂંકાતા ગરમ પવનને કારણે માર્કેટયાર્ડ તથા બજાર વિસ્તાર બપોરના સમયે કુદરતી કરફયુના માહોલમાં ધકેલાઈ જવા પામ્યું હતું. હજુ પણ ગરમીનો પારો વધવાની શકયતા છે.

કાતિલ હિટવેવથી બચવા લોકો સાવચેતી દાખવી રહેલા જોવા મળ્યા હતા. ભારે ગરમીના કારણે પંખા, એસી અને કૂલર જેવા વિજ ઉપકરણો પણ જાણે કે સંપૂર્ણ રાહત આપવામાં નાકામિયાબ પુરવાર થયા હતા.

તલોદ નગર વિસ્તારમાં ઠેર ઠેર પાણી પુરવઠાની કથળેલી સ્થિતિના કારણે સવારના ૬ વાગ્યાથી ગરીબ, આર્થિક પછાત અને મધ્યમ વર્ગના પરિવારોની મહિલાઓ બેડાં, માટલાં, ડોલો જેવા સાધનો લઈને અહી તહી પીવાના અને ઘરનવપરાશના પાણી માટે વલખા મારતી જોવા મળી રહી છે. ત્યારે વર્તમાન આકરા સમયમાં નગરના તમામ વિસ્તારને પુરતો પાણી પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા પાલિકા કરે તેવી લોકલાગણી ઉદભવી છે.

# પિયર આવેલી પત્નિને ન મોકલતા જમાઈએ સસરાનું ઘર સળગાવ્યું

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના નવાખોલા ગામે પત્નિને તેડવા આવેલા પતિએ પત્નિને સાસુ-સસરાએ ન મોકલતા બુધવારે રાત્રે ૧ વાગ્યાના સુમારે સસરાના મકાનમાં આગ ચાંપી દીધી હતી. જેમાં રૂપિયા સવા લાખનું નુકશાન થતાં ગુરૂવારે રાત્રે ૮ વાગ્યે સાળાએ પોતાના બનેવી વિરૂદ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વિજયનગર પીએસઓ કાન્તીભાઈ હોથાના જણાવ્યા અનુસાર નવાખોલા ગામના ભુરાભાઈ લુઅરની દિકરી ગુજરીના લગ્ન નવાભગા ગામના ભેરાજી કાંનાજી નિનામા સાથે થયા હતા. જેમાં ભેરાજીની પત્નિ ગુજરી થોડા વખત અગાઉ પતિ સાથે તકરાર થતાં રિસાઈને તેના પિતા ભુરાભાઈ લુઅરના ઘરે આવી હતી. જેને તેડવા માટે ભેરાજી ગઈ ૧૧ મી ને બુધવારે નવાખોલા ગામે ગયો હતો. પરંતુ ભુરાભાઈએ જમાઈ ભેરાજી સાથે પોતાની દિકરી ગુજરીને મોકલી ન હતી. જેની અદાવત રાખી બુધવારે રાત્રે ૧ વાગ્યાના સુમારે ભેરાજીએ પોતાના સસરા ભુરાભાઈના ઘરમાં આગ ચાંપી દીધી હતી. જેમાં ઘર સળગતા આસપાસના લોકો દોડી આવી આગ ઓલવવાની કોશિષ કરી હતી. જોકે આગ ઓલવાય ત્યાં સુધી ઘરવખરીનો સામાન મળી રૂપિયા સવા લાખની મિલ્કત બળીને ખાખ થઈ ગઈ હતી. જેને પગલે પરોસડા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે ભુરાભાઈના પુત્ર રાજુભાઈ લુઅરે બનેવી ભેરાજી કાંનાજી નિનામા વિરૂદ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ઊંઝા એસ.ટી. ડેપો પાસે આડેધડ પાર્ક થતા ખાનગી વાહનોને લીધે રાહદારીઓ પરેશાન

ઊંઝા, તા. ૧૪

ઊંઝા ખાતે એસ.ટી. બસ સ્ટેશન અને હાઈવે પોલીસ ચોકી નજીક અર્યાદિત મુસાફરો ભરીને એસ.ટી. બસોની સમાંતર દોડતા ખાનગી વાહનોના હાઈવે પર તેમજ સર્વિસ રોડ પર આડેધડ પાર્કિંગને લીધે અન્ય વાહનચાલકો તથા રાહદારીઓ ભારે પરેશાની વેઠી રહ્યાં છે.

અત્રે હાઈવે પર તેમજ સર્વિસ રોડ પર છેલ્લા ઘણા વખતથી પોલીસની રહેમ નજર તળે ખાનગી વાહનોના અડિંગા સામાન્ય બની ગયા છે. ખાનગી વાહનોના ચાલકો અર્યાદિત મુસાફરો ભરીનો મહેસાણા, પાટણ, સિદ્ધપુર, વિસનગર તેમજ આસપાસના કેટલાક ગામોમાં રોજિંદા હેરાફેરી કરી રહ્યા છે. આવા વાહનો મુખ્યત્વે એસ.ટી. બસોની સમાંતર દોડે છે. એસ.ટી. બસ સ્ટેશનની આસપાસના ચોક્કસ વિસ્તારમાં ખાનગી વાહનો થોભાવવાની સખ્ત મનાઈ હોવા છતાં જિલ્લા કલેકટરના જાહેરનામાની ઐસી કી તૈસી કરીને આવા વાહનો બેરોકટોક મુસાફરો ભરીને જે તે સ્થળોએ નિયમિત આંટાફેરા મારે છે. પરંતુ કથિત હપ્તાની લાલચે સ્થાનિક પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસની મીઠી નજર તળે આવા વાહનોને તેના ચાલકો સામે કાયદાકીય કોઈજ અસરકારક કડક પગલાં ભરાતા નથી. પરિણામે અહીં ખાનગી વાહનોની બોલબાલા ખૂબ વધી જવા પામી છે.

બીજુ મુસાફરો ભરવાની હોડમાં આવા ખાનગી વાહનો એપીએમસી સર્કલના વળાંક પાસે હાઈવે પર આડેધડ ઉભા રહે છે. જેના લીધે હાઈવે પરથી પસાર થતા અન્ય નાના મોટા વાહનો તેમજ ઊંઝા શહેરમાંથી અન્ડરબ્રિજની અંદર થઈને હાઈવે પર આવતા વાહનોના ચાલકોને સતત અકસ્માત થવાનો ભય રહ્યા કરે છે. ચક્કાજામના દૃશ્યો સામાન્ય બની ગયા છે.

# ઈલોલનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અન્યત્ર ખસેડવાની કાર્યવાહી કરાતા હોબાળો

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીકના ઈલોલ ગામમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જોખમી તેમજ જીર્ણ થઈ જતાં તેને સબ સેન્ટર ખાતે કાર્યરત કરવા માટે શુક્રવારે સામાન ખસેડવાની કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાઈ હતી. જેની જાણ પહાડીયા વિસ્તારના રહીશોને થતાં મહિલા અને પુરૂષોએ ટોળા સ્વરૂપે મોટી સંખ્યામાં એકત્ર થઈ પી.એચ.સી. કેન્દ્ર અન્યત્ર ખસેડવાની કામગીરી સામે વિરોધ પ્રદર્શિત કરી હોબાળો મચાવ્યો હતો. જેના પગલે એક સમય માટે આરોગ્ય વિભાગ દ્વારા સામાન લઈ જવાની કાર્યવાહી અટકાવી દેવાની ફરજ પડી હતી.

આ અંગે ગામના સરપંચ અશરફભાઈ દાંત્રોલીયા, જિલ્લા પંચાયત સદસ્ય રહેમતબેન સુનેસરા, અહેમદભાઈ ઢાપા, ઈસ્માઈલભાઈ દાંત્રોલીયા સહિત પહાડીયાના રહીશોએ જણાવ્યુ હતું કે આરોગ્ય વિભાગ દ્વારા પહાડીયા વિસ્તારમાં આવેલ વર્ષો પુરાણુ આરોગ્ય કેન્દ્રનું મકાન નોનયુઝ કરાતા તેમજ જોખમી બનતા બે કિ.મી. દૂર આઉટપોસ્ટ પોલીસ સ્ટેશન પાસે નવ નિર્મિત કરાયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટર ખાતે કાર્યરત કરવાનો નિર્ણય કરી સામાન ખસેડવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જે નવીન આરોગ્ય કેન્દ્રનું મકાન દૂર પડતું હોઈ આરોગ્ય કેન્દ્ર પહાડીયા વિસ્તારમાં જ કાર્યરત રાખવા આ વિસ્તારના રહીશોએ વિરોધ દર્શાવ્યો છે.

વધુમાં જણાવ્યુ હતું કે પહાડીયા વિસ્તારના ઈસ્માઈલભાઈ લોઢાએ કામચલાઉ આરોગ્ય કેન્દ્ર ચાલુ રાખવા કેન્દ્ર નજીકમાં જ પોતાનું મકાન કોઈપણ જાતનું ભાડુ લીધા સિવાય સુવિધા પુરી પાડવા તૈયારી દર્શાવી હોવા છતાં આરોગ્ય વિભાગ દ્વારા ગામની બહાર કેન્દ્ર ખસેડવાની કાર્યવાહી હાથ ધરાતા રહીશોએ હોબાળો મચાવી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ન ખસેડવા માગણી કરી છે.

આ અંગે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડાં. સતિષભાઈ વ્યાસે જણાવ્યુ હતું કે હાલમાં કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જોખમી તેમજ જીર્ણ થઈ જતા અને નોનયુઝ કરાતા કર્મચારીઓ તથા દર્દીઓની સલામતી માટે નવ નિર્મિત આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટરના મકાનમાં ખસેડવા માટે શુક્રવારે કામગીરી હાથ ધરાઈ હતી. પરંતુ પહાડીયા વિસ્તારના રહીશોએ હોબાળો મચાવતા હાલ પુરતી આ કાર્યવાહી સ્થગિત કરાઈ છે.

# મોડાસામાં બે બાઈક સામ-સામે અથડાતા બે બાઈકચાલકના કમકમાટીભર્યા મોત

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં શનિવારે યમરાજે જાણે પડાવ નાખ્યો હોય તેમ સામે ટકરાતા બન્ને બાઈકસવારના મોત નિપજતા અરવલ્લી જિલ્લામાં શોકની લાગણી ફેલાઈ હતી. મોડાસા



બે જુદા જુદા અકસ્માતમાં ૪ લોકોના મોત નિપજ્યા હતા અને અંદાજે ૧૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. શામળાજી નજીક લકઝરી બસ વહેલી સવારે ઝાડ સાથે ટકરાતા બે લોકોના મોત નિપજ્યા હતા અને મોડાસા રાણા સૈયદ નજીક બે બાઈક સવાર સામ-સામે ટકરાતા બન્ને બાઈકસવારના ... ટાઉન પોલીસે અકસ્માતના પગલે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા-ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પર મોડાસા નજીક આવેલા રાણાસૈયાદ વિસ્તાર નજીક શનિવારે સવારે ૭ વાગ્યાના સુમારે બાઈક સામ-સામે અથડાતા બન્ને બાઈકચાલકનું મોત નિપજ્યા હતા. તરકવાડા ગામના ધવલકુમાર નટવરલાલ પંચાલ તેમની પત્નિ સાથે મોડાસા તરફથી અમદાવાદ બાજુ કામકાજ અર્થે નિકળ્યા હતા અને રાણાસૈયદ નજીકથી પસાર થતા હતા ત્યારે ધનસુરા તરફથી આવતી બાઈક (ગાડી નં. જીજે૯એન. ૩૪૦૨)નો ચાલક રમણભાઈ માવજીભાઈ પટેલ (રહે. વજેપુરા, તા. ધનસુરા) ગફલતભરી રીતે હંકારી પુરઝડપે ટ્રકની ખોટી રીતે ઓવરટેઈક કરવા જતા મોડાસા તરફથી આવતી એવેન્જર બાઈક સાથે ધડાકાભેર અથડાવી દેતા બન્ને બાઈકોના ભુક્કા બોલાઈ ગયા હતા. એવેન્જર બાઈકના ચાલક ધવલકુમાર નટવરલાલ પંચાલના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલા તેમના પત્નિ હિનાબેન પંચાલના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. એવેન્જર બાઈકને ટક્કર મારનાર બાઈક ચાલકના શરીરે ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા બાઈક અકસ્માતમાં બન્ને બાઈક ચાલકના મોત નિપજતા ઈસરી પંથક અને ધનસુરા પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. શનિવારે વહેલી સવારે બાઈક-બાઈક અથડાતા ગમખ્વાર



અકસ્માતના પગલે સામળાજી-નડિયાદ રાજ્ય ધોરીમાર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પૂર્વરત કરાયો હતો. મોડાસા ટાઉન પોલીસે મૃતક યુવાન ધવલ પંચાલની પત્નિ હિનાબેન પંચાલની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

## દોલતાબાદ ગામે ખેતરમાં વીજ કરંટ લાગતા ભેંસનું મોત

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના દોલતાબાદ ગામના ખેત સીમાડામાં ભારે વિજ કરંટનો ભોગ બનેલ ભેંસ પળવારમાં જ ઘટનાસ્થળે જ કાળનો કોળિયો બની ગઈ હતી. દોલતાબાદના લક્ષ્મણસિંહ કાળુસિંહ સોલંકીની ખેતસીમાડાના ખીલે બંધાયેલી ભેંસ આ જીવલેણ દુર્ઘટનાનો ભોગ બની હતી. યુજીવીસીએલના ૧૧ કે.વી.ના હાઈ વોલ્ટેજ વિજ પુરવઠો વહન કરતા તાર ઉપરથી પસાર થતા હતા. જે પૈકીના જીવંત તાર આજે સવારે આકસ્મિક કારણોસર તુટી પડ્યા હતા. જે પૈકીના તાર ખીલે બંધાયેલી ભેંસ ઉપર પડતાં જ ભારે વિજ પ્રવાહ ભેંસના દેહમાંથી પસાર થઈ જતાં તે ઘટનાસ્થળે જ પટકાઈ પડી હતી અને પળવારમાં જ કરૂણ મોતને ભેટી હતી. જેની અંદાજીત કિંમત રૂ. ૫૦ હજાર હોવાનું અને તેના પાલક પરિવાર માટે આજીવિકાનું એક સાધન પણ હોવાનું જાણવા મળેલ છે. આ આકસ્મિક જીવલેણ ઘટનાની તપાસ હેડ કોન્સ્ટેબલ માનસિંહ ચલાવી રહ્યા છે.

## ભિલોડામાંથી ત્રણ બાઈક ચોરાયા

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાંથી ઘર આગળ પાર્ક કરેલાં ત્રણ બાઈક મધ્યરાત્રે ચોરાયા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે જેમાં તસ્કરોએ ચોરી કરેલી એક બાઈક મુકી તસ્કર ટોળકી પલાયન થઈ ગઈ હતી. ભિલોડામાં ત્રિભોવનગર સોસાયટી, આનંદનગર સોસાયટી, ગોવિંદનગર વિસ્તારમાંથી ઘર આગળ પાર્ક કરેલા બાઈકો ચોરાયા હતા. બાઈક નંબર.જી.જે.૯.એક્યુ ૨૦૩૦, બાઈક નંબર.જી.જે.૧૪ એન. ૯૬૪૧, બાઈક નંબર.જી.જે.૯. એઆર. ૨૯૩૦ ત્રણ બાઈકો ચોરાયા હતા ત્યારે આ વિસ્તારના જાગૃત પ્રજાજનો મધ્ય રાત્રે જાગી જતાં બજાજ પલ્સર બાઈક નંબર. જી.જે. ૯. એઆર. ૨૯૩૦ બિનવારસી હાલતમાં મુકી તસ્કરો પલાયન થઈ ગયા હતા. ભિલોડાના રહેવાસી તારાબેન નિનામા, કરશનભાઈ કટારાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ઘર આગળ પાર્ક કરેલા બાઈકોની ચોરી સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસએ ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ભિલોડામાં લોકમુખે ચર્ચાય છે કે પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગમાં વધારો કરવામાં આવે તેવી પ્રજાજનો પ્રબળ લોકમાંગણી છે.

## રાજેન્દ્રનગરની પ્રાથમિક શાળામાંથી તસ્કર ૧૫ હજારની કમ્પ્યુટર સિસ્ટમ ચોરી ગયા

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર ચોકડી પર આવેલી સહયોગ પ્રાથમિક શાળાની ઓફિસમાંથી કોઈ તસ્કર ગુરૂવારે મોનીટર, સીપીયુ સહિતનો રૂા.૧૫ હજારની મત્તાનો કમ્પ્યુટર સાધનોની ચોરી કરી જતા ચોરીના મામલે ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાયો હતો. તસ્કરો ઘરફોડ, વાહનો બાદ હવે મંદિરો તેમજ શાળાઓને પણ નિશાન બનાવતા થયા છે. ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર રાજેન્દ્રનગર ચોકડી પર સહયોગ પ્રાથમિક શાળા આવેલી છે. જે પ્રાથમિક શાળાના આચાર્યની ઓફિસમાંથી કોઈ તસ્કર ગુરૂવારે તાળું તોડી મોનીટર, સીપીયુ, યુપીએસ, કી-બોર્ડ તેમજ માઉસ સહિતની રૂા.૧૫ હજારની મત્તાની આખી કમ્પ્યુટર સિસ્ટમ જ ઉઠાવી ગયા હતા. ચોરીના મામલે શાળાના આચાર્ય સનતકુમાર પોપટલાલ પટેલે ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી કાર્યવાહી કરી હતી.